વાર્ષિક લવાજમ રૂા. ૫૦

રાષ્ટ્રવિકાસમાં મહિલાઓને સંયોજતું 'સેવા'નું પાક્ષિક મુખપત્ર


# અનસૂયા

વર્ષ - ૩૮ : અંક - ૯ ✻ આદ્યતંત્રી : સ્વ. જયન્તિકાબહેન જયન્તભાઈ ✻ તંત્રી : નમ્રતા બાલી ✻ પ્રકાશન : જૂન ૨૨, ૨૦૨૦

**મહામારી વિશેષાંક**

# લૉક આઉટ મધ્યે મારા જીવનની આપવીતી.......

છેલ્લા ત્રણ મહિનામાં કોરોના મહામારી અને એમાં લૉક ડાઉનની પરિસ્થિતિમાં આપણી 'સેવા'ની અમદાવાદની સભ્ય બહેનો ઉપર આર્થિક એમાંય ખાસ રોજગારની, માનસિક, કૌટુંબિક, શું અસરો થઈ તેને સમજવા આપણી જ આગેવાન બહેનો દ્વારા એક અભ્યાસ કરવામાં આવ્યો. આ અભ્યાસમાં ૮૦૦થી પણ વધુ બહેનો પાસેથી માહિતી એકઠી કરવામાં આવી. જેનાં તારણો કંઈક આ પ્રકારે સામે આવ્યા.





## સર્વેના સ્થળો

આ નકશામાં દર્શાવ્યા અનુસારના અમદાવાદ શહેરના વિસ્તારોમાં કોવીડ 19 ની વિપદામાં લૉક ડાઉન દરમિયાન સભ્યો ઉપર થયેલી અસરોનો અભ્યાસ કરવામાં આવ્યો. જેમાં 808 સભ્યોનું સેમ્પલ લેવામાં આવ્યું. પૂર્વ વિસ્તારમાં કોરોનાની અસરો વ્યાપક હોવાથી આ વિસ્તાર ઉપર વધુ ભાર આપવામાં આવ્યો.આ સિવાયના અન્ય વિસ્તારોને પણ યોગ્ય પ્રમાણમાં સેમ્પલ માં આવરી લેવામાં આવ્યા છે. આ અભ્યાસમાં ગુણાત્મક અને સંખ્યાત્મક એમ બંનેવ પદ્ધતિઓનો ઉપયોગ થયો છે.

**૧) રહેઠાણ/ વસવાટના પ્રકાર** - વયજૂથ પ્રમાણે કુટુંબની માહિતી

આ મહામારી દરમિયાન સતત એકબીજાથી સામાજિક અંતર કેળવવાની હિમાયત કરવામાં આવી પણ જ્યારે આપણે બહેનો સાથે વાત કરી ત્યારે જાણવા મળ્યું કે લગભગ ૯૧% એટલે કે મોટાભાગના સભ્યોના ઘર ગીચ વિસ્તારોમાં છે. જ્યારે ફક્ત ૯% સભ્યોના ઘર વચ્ચે પૂરતું અંતર છે. આ ઉપરાંત એક જ છત નીચે કુટુંબના સરેરાશ ૫ સભ્યો સાથે રહે છે. એમાં પણ જ્યારે કુટુંબ વિશે વધુ છણાવટ કરવામાં આવી ત્યારે જાણવા મળ્યું કે લગભગ ૪૦% ઘરમાં વડીલો એટલે કે વૃદ્ધ વ્યક્તિઓ છે અને ૩૫% ઘરમાં ૫ વર્ષથી નીચેની વયના બાળકો છે. આ વયજૂથ ને તેમની ઓછી રોગપ્રતિકારક શકિત ને કારણે કોરોનાનું સંક્રમણ થવાની શક્યતા વધુ રહેલી છે. આ દર્શાવે છે કે આ પરિસ્થિતિમાં એકબીજાથી અંતર કેળવીને ઘરની અંદર તેમજ પડોશમાં રહેવાનું બહેનો માટે કેટલું વિકટ રહ્યું હશે.

એક બહેને રહેઠાણ અંગે કંઈક આમ કહ્યું ‘ઘર ખૂબ જ નાનું છે રહેવામાં તકલીફ પડે છે. પહેલા બહાર ઊંઘતા હતા, હવે પોલીસ ના પાડે છે.’





**૨) લૉક ડાઉન અને બેરોજગારી**

મોટાભાગના સભ્યો અસંગઠિત ક્ષેત્રોમાં કામ કરે છે અને આ લૉક ડાઉનના સમયમાં સૌથી વધુ અસર આ કામદારોને થઈ છે. અભ્યાસ ને જોઈએ તો ૯૮% સભ્યો પાસે સંપૂર્ણપણે રોજગારી નથી. ફક્ત ૨૯ સભ્યો એ કહ્યું કે તેમના ઘરમાંથી એક સભ્ય પાસે લૉક ડાઉન દરમિયાન રોજગારી ચાલુ રહી. આમાંથી મોટાભાગના કામદારો તો રોજનું કમાઈને રોજનું ખાનારા છે. એમના માટે તો આ પરિસ્થિતિ ખૂબ જ વિકટ રહી. ઘરમાં બિલકુલ જ અનાજનો સંગ્રહ ના હોય ત્યારે આવક વગર કુટુંબનું પેટ કેવી રીતે ભરવું એ સૌથી મોટો પડકાર રહ્યો. કેટલાક બહેનોએ આવક બંધ હોવાથી પોતાની પરિસ્થિતિની વાત કંઈક આ રીતે જણાવી....

*‘‘સૌથી મોટી સમસ્યા નાના છોકરાઓને ખાવાની તકલીફ પડે છે પૈસા પણ નથી અને ઘરમાં ખાવાનું પણ નથી’’*

‘‘લૉક આઉટ અમને બીમારીથી બચાવવા માટે કર્યું છે પણ અમને તો એવું લાગે છે અમે બીમારીથી નહી પણ ભૂખમરાથી મરી જઈશું’’ - ઓડ મંગુબેન( વેચનાર)

આ ઉપરાંત આખાય અભ્યાસમાં એક વાત સતત નજર સમક્ષ આવે છે તે રોજગારી શરૂ કરવાની પણ છે. દરેક બહેનનું કહેવું છે કે લૉક ડાઉન ખુલે અને રોજગારી ચાલુ થાય તો જ એમનું કુટુંબ બે ટંક ખાવા ભેગું થઈ શકે. પણ સાથે સાથે કોરોના ને કારણે રોજગાર મેળવવા જવાનો ભય પણ છે.... જેમ કે ઘણી વેસ્ટ રીસાયકલર બહેનો કાગળ અને વેસ્ટ ભેગો કરવા નથી જઈ શકતી, એક બાજુ ઘરમાં ખાલીખમ રસોડું અને ભૂખ છે અને બીજી બાજુ મનમાં એક ભય પણ છે કે ક્યાંક વેસ્ટ માંથી કોરોના લાગી જશે તો...?





## વ્યવસાયલક્ષી માહિતી

સેમ્પલમાં લીધેલ સભ્યો જુદા-જુદા વ્યવસાય સાથે જોડાયેલા છે જેમાંના મોટાભાગના ઘરેલુ કામદાર, કાપડ અને ગારમેન્ટ ઉદ્યોગ સાથે જોડાયેલા-નંગ, સ્ટોન,ટીક્કી લગાડનાર, સિલાઈ,ભરત અને વણાટકામ કરનાર, બાંધકામ કામદારો, વેસ્ટ રિસાયકલર્સ, સફાઈ કામદાર, ખાદ્યપદાર્થો અને અન્ય ચીજવસ્તુઓ વેચનારાઓ, સ્ટેશનરીનું કામ કરનારા, ઘરખાતા તથા રસોડા કામદારો નો સમાવેશ થાય છે. હાલની પરિસ્થિતિમાં આમાંથી ૯૮% કામદારો પાસે રોજગારી નથી એટલેકે આવકના કોઈ જ સાધનો નથી.

### ૩) લૉક ડાઉન દરમિયાન બેંકનો ઉપયોગ, લોન, આર્થિક સંઘર્ષ:

લૉક ડાઉન દરમિયાન ફક્ત ૨૩% સભ્યો બેન્કિંગની સુવિધાનો ઉપયોગ કરી શક્યા. જેમણે આ સુવિધાનો ઉપયોગ નથી કર્યો એની પાછળના કારણો તપાસતા જાણવા મળે છે કે ૪૬% લોકો પાસે ખાતામાં કોઈ બચત જ ન હતી જ્યારે કેટલાક કોરો નાના ભઈ ને કારણે બેંકમાં જતા ડરતા હતા. વળી, કેટલાક ને તો પોલીસ સહેજ પણ બહાર ન જવા દેતી હોવાથી તે બેંક જઈ શક્યા નહી. ઘણા વિસ્તારોની બેંકની શાખાઓ બંધ હોવાથી પણ તકલીફ ઊભી થઈ હતી.




## બેન્કિંગની માહિતી

માત્ર 23% સભ્યો લૉક ડાઉન દરમિયાન બેંકમાંથી પૈસા ઉપાડી શક્યા.

<u>કારણો:</u>


- :બેંકમાં ખાતું ધરાવતા કુલ સભ્યોમાંથી 41% પાસે ખાતામાં કોઈ બચત જ ન હતી. જ્યારે 10% સભ્યો પાસે પોતાનું બેંકમાં ખાતું જ નથી.
- કેટલાંકને કોરોનાને કારણે બેંકમાં જવાનો ડર લાગતો હતો.
- બેંકમાં જવા - આવવા માટે કોઈ સાધન જ ન હતું.
- લૉક ડાઉન ને કારણે પોલીસ બહાર નીકળવાની પરવાનગી આપતી ન હતી.
- કેટલાક વિસ્તારોમાં બેંકની શાખાઓ બંધ હતી.

રોજગારી બંધ હોવાને કારણે આર્થિક સંઘર્ષથી સભ્યોની જિંદગી ખૂબ દોહ્યલી બની છે. અભ્યાસમાં જોવા મળ્યું કે, ૧૦૯ કુટુંબોએ આ મહામારીની પરિસ્થિતિમાં પોતાને ટકાવી રાખવા માટે લોન લીધેલી છે. વળી ૧૦૯ માંથી ફક્ત સાત કુટુંબો એવા છે જે આ લોનના હપ્તા ભરવા સક્ષમ છે. જ્યારે અન્ય કુટુંબો એ ભરી શકતા નથી અને એને કારણે તેમનું દેવું સતત વધ્યા કરે છે જે તેમને માનસિક તણાવની પરિસ્થિતિ તરફ લઈ જઈ રહ્યું છે.


આ ઉપરાંત લગભગ ૭૭% કુટુંબોએ લૉક ડાઉનની આ પરિસ્થિતિને પહોંચી વળવા સગાસંબંધીઓ, દુકાનદાર, નાણાં ધીરનાર કે પછી અન્ય લોકો પાસેથી ૫૦૦ રૂપિયાથી લઈને ૫૦૦૦૦૦ રૂપિયા ઉધાર લીધા છે. સભ્ય બહેનોના જવાબોમાં આખા અભ્યાસમાં ઉછીના લીધેલા પૈસા પાછા આપવા માટે અને આર્થિક બાબતો અંગેની તાણ સતત જોઈ શકાય છે. વાઘેલા સરોજબહેને પોતાની પરિસ્થિતિ વિશે ભારે હૃદયે કંઈક આમ કહ્યું.


*''અમારી ખૂબ ગંભીર હાલત છે ઓશિયાળું જીવન થઈ ગયું છે રોજ રોજ કોની પાસે પૈસા માંગવા જવું અને ઘર ચલાવવું ૫૦૦ રૂપિયા જેઠ પાસેથી લઈ ઘરમાં જીવન જરૂરી ચીજ વસ્તુઓ લાવી. હવે તો આત્મહત્યા કરી લઈએ તેમ થાય છે બધા પાસે પૈસા માંગતા પણ શરમ આવે છે.''*

## આર્થિક પ્રશ્નો




અભ્યાસમાં જાણવા મળ્યું કે 109 કુટુંબોએ આ મહામારીની પરિસ્થિતિમાં ટકી રહેવા લોન લીધી છે.આ 109 માંથી 7 કુટુંબો એટલેકે ફક્ત 0.06% જ લોનનાં હપ્તા ભરી શકે છે.જ્યારે બાકીના કુટુંબો પૈસા પાછા ભરી શકતાં નથી.જેના કારણે તેમનું દેવું સતત વધી રહ્યું છે, જેના કારણે માનસિક તાણમાં વધારો થઈ રહ્યો છે.આગળ ચાલીને તેના કારણે સભ્યોમાં ડિપ્રેશન આવવાની પણ શક્યતાઓ રહેલી છે.




77% કુટુંબોએ આ લૉક ડાઉન ની પરિસ્થિતિમાં જુદાજુદા સ્ત્રોતો પાસેથી પાઈ ચાર્ટ માં દર્શાવ્યા મુજબ 500 થી લઈને 500000 સુધી ઉધાર પૈસા લીધા છે.

આ આર્થિક તાણની માનસિક અસરો ખૂબ જ ઊંડી વર્તાય છે. જે વ્યક્તિને ડિપ્રેશન સુધી પણ લઈ જઈ શકે છે. ઘણી બહેનો જણાવે છે કે પૈસા અને ભોજનના અભાવને કારણે ઘરમાં વધુ પડતાં ઝઘડા થાય છે. ક્યારેક મારઝૂડ થાય છે. સતત માંદા હોય એવી લાગણી થાય છે તો કેટલીક બહેનોને રાત્રે ટેન્શનથી ઊંઘ નથી આવતી. પોતે એકદમ લાચાર થઇ ગયા છે અને આર્થિક પ્રશ્નોનું શી રીતે નિરાકરણ આવશે એ સતત દરેક બહેનના મનમાં પડઘાયા કરે છે. એક બહેને નિરાશા સાથે પોતાના મનની વાત કરતા કહ્યું....

*''અમારી રોજી રોટી બંધ થવાથી અમે હજી પણ એક વર્ષ સુધી આ દેવામાંથી બહાર નીકળી નહી શકીએ.''*

બેકારી અને આર્થિક સંઘર્ષોની સાથેસાથે જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓના લૉક ડાઉન દરમિયાન ઊંચા ભાવે પણ સભ્યોની કમર તોડી નાંખી છે. ઘણા બહેનોએ પોતાની વાતમાં કહ્યું છે કે ઘરમાં લોટ હોય તો તેલ અને શાકભાજી ન હોય, ખાંડ હોય તો દૂધ ના હોય... ટૂંકમાં બે છેડા ભેગા કરતા કરતા ખરેખર ખૂબ જ તકલીફ વેઠવી પડી છે.


અભ્યાસ પરથી એવું પણ જણાય છે કે આ સમય દરમિયાન લોકોના આર્થિક પ્રશ્નોને કારણે ખોરાકના પ્રમાણમાં મોટા ફેરફારો આવ્યા છે. જે બે થેલી દૂધ લેતા હતા એ ફકત એકથી ચલાવે છે, શાકભાજી રોજ નથી ખાઈ શકતા.. ફળો નો તો વિચાર પણ નથી કરી શકતા. ઘણા બાળકોને દૂધમાં પાણી ભેળવીને આપે છે તો ઘણા એક જ ટાઈમ ખાઈ શકે છે. ટૂંકમાં ભોજનની થાળી ઘણી ખાલી થઇ ચૂકી છે. શારદાબેન શંકરભાઈ ઠાકોર કે જે માથોડા કામદાર છે તેમની વેદના એમના શબ્દોમાં કંઈક આમ બહાર આવી.

*''મરવાના હશે તો મરી જઈશું પણ ભૂખ નથી વેઠાતી..''*

### ૪) ડિજિટલ ટ્રાન્ઝેક્શનઃ

મોટાભાગનાં સભ્યોનું કહેવું હતું કે તેમણે આ સમય દરમિયાન ના તો એ.ટી.એમ નો ઉપયોગ કર્યો છે કે પછી મોબાઈલની એપ્સ દ્વારા આર્થિક વ્યવહાર કર્યો છે. હજી અસંગઠિત ક્ષેત્રના કામદારો ડિજિટલ પૈસાના વ્યવહારથી છેટા જ છે એવું કહી શકાય. સભ્યોમાં પૈસાનો રોકડીયો વ્યવહાર જ થાય છે

**ટેકનોલોજીનો વપરાશ**




0.08% સભ્યોએ લોક ડાઉન દરમિયાન એ. ટી.એમ નો ઉપયોગ કર્યો


0.008% સભ્યોએ મોબાઇલ ફોન દ્વારા પૈસાનું ટ્રાન્ઝેક્શન કર્યું.

### ૫) લૉક ડાઉન દરમિયાન ઊભી થયેલી મુશ્કેલીઓઃ

૪૨% સભ્યો માટે સૌથી મહત્વની મુશ્કેલી જીવન જરૂરિયાતની વસ્તુઓ ખરીદવા માટે બિલકુલ પૈસા ના હોવા એ રહી છે. આ ઉપરાંત બીજા ૩૦% સભ્યો માટે રોજગાર અને ખાવાનું ખરીદવા માટે પૈસા ના હોવા તે અગત્યની મુશ્કેલી રહી છે. ૨૦% સભ્યો માટે ખોરાક સૌથી મહત્વની તકલીફ રહી કારણ કે એ બધા જ રોજનું કમાઈને ખાનારા કામદારો છે. થોડાક સભ્યોને માંદગીને પહોંચી વળવા માટે આર્થિક પ્રશ્નો નડ્યા. એમાય કેટલાકના કુટુંબોમાં સુવાવડ કોરોનાના ડરથી સરકારી ની જગ્યાએ પ્રાઈવેટમાં કરાવવી પડી. જેને કારણે ખર્ચ ખૂબ વધી ગયું. ૨% સભ્યોને કોરોના ને કારણે બહાર અને ઘરની અંદર ઉભા થયેલા ડરના વાતાવરણ ને કારણે માનસિક તાણનો અનુભવ થયો.

ગરમીમાં પતરાના છાપરાં વાળા ઘરમાં સતત ઘરનાં સભ્યો સાથે રહેવાથી ઘણા સભ્યોને ગૂંગળામણ અનુભવાઈ. જે સભ્યો ભાડાના મકાનમાં રહે છે તેમને મકાનમાલિક દ્વારા ભાડું ભરવાના દબાણથી તથા લાઈટ બીલ ના ભરી શકવાના ભારથી ખૂબ માનસિક તાણ અનુભવાય છે

**લૉક ડાઉનમાં થયેલી મુશ્કેલીઓ**




- 42% સભ્યોને આ સમયગાળામાં મૂળભૂત જરૂરિયાતો પૂરી કરવા માટે આર્થિક ભીંસ પડી.
- 30% સભ્યો ના મત અનુસાર તેમના માટે લૉક ડાઉન દરમિયાન સૌથી મોટી મુશ્કેલી એ પોતાનો રોજગાર ગુમાવવાની હતી. એમની પાસે કોઈ જ આવકના સાધનો ન હતા.
- 20% માટે બે ટંકનું ભોજન એ આ લૉક ડાઉનના સમયનો સૌથી મહત્વનો પ્રશ્ન હતો કારણકે આ લોકો રોજનું કમાઈને રોજ ખાનારા છે.
- 4% સભ્યો માટે સ્વાસ્થ્ય સંબંધી પ્રશ્નો અને તેને પહોંચી વળવા માટે પૈસાની ઊણપ અગત્યનાં હતા.
- જ્યારે બીજા 4% લોકો માટે શહેરમાં અને ઘરની અંદર કોરોનાને કારણે ઉભું થયેલું ભયનું વાતાવરણ ખૂબ મહત્વનો પ્રશ્ન હતો. જેના કારણે ઘણાંને માનસિક તાણ અને એકલતાનો પણ અનુભવ થયો..

## ૬) સભ્યોના મતે કોરોના મહામારીમાં મુશ્કેલીઓનું નિરાકરણ

૪૬% સભ્યોનું માનવું છે કે સરકારે શહેરને અને ધંધા ઉદ્યોગોને સંપૂર્ણપણે ખોલી નાખવા જોઈએ જેથી તેમની રોજીરોટી ફરીથી શરૂ થઈ શકે. ૩૦% ને શું રસ્તો હોઈ શકે એ માટે કોઈ અભિપ્રાય જ ન હતો. ૧૦% સભ્યોને ખોરાક અને પૈસા માટે સરકાર મદદ કરે તેવી અપેક્ષા છે. ૬% નું કહેવું છે કે દવાઓ અને રસીથી જ કોરોના સામે લડી શકાશે. જ્યારે ૮% કહે છે કે જો આપણે યોગ્ય રીતે નિયમોનું અને સૂચનાઓનું પાલન કરીને, ઘરે રહી અને યોગ્ય સાવચેતીના પગલાં લઈને જ આ મહામારીને માત આપી શકીશું.

વળી કામ કરવા જઈએ ત્યારે પણ પોતાની જાતને સંભાળી ઘરને આર્થિક ટેકો કરવાની સાથે રોગ સામે લડી શકીશું.

## ૭) લૉક ડાઉનના ફાયદા ?

મોટાભાગના એટલે કે ૫૬% સભ્યોને આ લૉક ડાઉનથી કોઈ જ ફાયદો થયો હોય એવું લાગતું નથી.

૩૧% સભ્યોને સરકાર પાસેથી તથા સ્વૈચ્છિક સંસ્થાઓ પાસેથી મફત રાશન કીટ મળી જેનાથી ખૂબ રાહત રહી.

થોડાઘણા ને લાગ્યું કે લોકો પોતાની સલામતી માટે ઘરમાં રહેતા શીખ્યા. ૪% સભ્યોને તેમના જન ધન ખાતામાં પૈસા જમા થયા તથા બાંધકામ કામદાર વેલફેર બોર્ડ તરફથી પણ આર્થિક સહાય મળી તેનો સંતોષ હતો.

આ ઉપરાંત જૂજ સભ્યોને ઘરમાં રહેવાનો, કુટુંબ સાથે સમય વિતાવવાનો આનંદ હતો. કેટલાકને ઘરના પુરુષોના લૉક ડાઉન દરમિયાન વ્યસન છૂટી જવાનો પણ આનંદ હતો.

કેટલાક સભ્યોએ ઇ -રીક્ષા દ્વારા શાકભાજી વેચવાના અનુભવને પણ ખૂબ સારો ગણાવ્યો છે.


## ૮) લૉક ડાઉન દરમિયાન નિયમો ભંગ કરવા પાછળના કારણો


૮૧ ટકા સભ્યોએ લૉક ડાઉન દરમિયાન નિયમોનો ભંગ નહોતો કર્યો જે ખરેખર બહેનોની શિસ્તનો પરિચય કરાવે છે. બાકીના ૧૯% કે જેમણે નિયમોનો ભંગ કર્યો હતો તેમના એ માટેના કારણો પણ વ્યાજબી જ હતા. જેમ કે...

દૂધ અને શાકભાજી જેવી જીવન જરુરિયાતની વસ્તુઓ લેવા જવી, દવાઓ લેવા કે પછી નાછૂટકે દવાખાને જવું પડ્યું હોય, પૈસા લેવા બેંકમાં, કે પછી મૃત્યુ જેવા દુઃખદ સામાજિક પ્રસંગે જવા માટે જ નિયમોનો ભંગ કર્યો હતો. ઘણી બહેનો તો પોતાના સ્વજનોના મૃત્યુ પ્રસંગે નહી જઈ શકવાથી દુઃખની લાગણી પણ અનુભવતી હતી.

નિયમોનું પાલન કરવામાં અને ભાગ્યે જ તેને તોડવામાં ક્યારેક પોલીસના માઠા તો ક્યારેક સારા અનુભવો પણ સભ્યોને આ દિવસો દરમિયાન થયા હતા. ૧૯% બહેનોનું કહેવું હતું કે નિયમો નો ભંગ કરવા છતાં પોલીસ તેમને મદદરૂપ જ થઈ હતી.

### શું તમે લૉક ડાઉન માં નિયમોનો ભંગ કર્યો હતો?




કારણો

81% સભ્યોએ જણાવ્યું કે તેમણે લૉક ડાઉન દરમિયાન નિયમોનો ભંગ નહોતો કર્યો. જ્યારે 19% સભ્યોએ આ નિયમો નીચે મુજબના કારણો માટે તોડ્યા હતા

- જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ જેવી કે દૂધ અને શાકભાજી ખરીદવા.
- દવાઓ ખરીદવા કે પછી ઈમરજન્સીમાં હોસ્પિટલ જવા.
- પૈસાની લેવડદેવડ માટે બેંકમાં જવા.
- મૃત્યુ જેવા દુઃખદ સામાજિક પ્રસંગમાં જવા.

સભ્યો એ એવું પણ જણાવ્યું કે પોલીસે તેમની સાથે ખુબ જ સખત વલણ રાખ્યું હતું અને લોકોને અંદર રહેવા માટે સતત આગ્રહ રાખ્યો હતો. વળી 19% નું એમ કહેવું હતું કે નિયમોનો ભંગ કરવા છતાં પોલીસ તેમને મદદરૂપ થઈ હતી.

**૯) લૉક ડાઉન અને ઘરના બાળકોઃ**

બાળકોમાં ટેક્નોલોજીનો વ્યાપ ખૂબ મોટા પાયે વધ્યો છે એ અભ્યાસ ઉપરથી જોઈ શકાય છે લગભગ ૫૧% બાળકો મોબાઈલ અને ટીવી જોવામાં આ કોરોના કાળમાં પોતાનો સમય વિતાવી રહ્યા છે. ૧૩% ટકા બાળકોએ ઓનલાઇન શિક્ષણ અને શાળાના ઘરકામ કરવામાં પોતાના સમયનો ઉપયોગ કર્યો. ૩૬% બાળકો એવા પણ છે કે જે લુડો અને પત્તા જેવી ઘરની અંદર રમવાની રમતો રમે છે. શાળાઓ બંધ હોવાથી બીજી દરેક જવાબદારીઓ સાથે બાળકને સતત પ્રવૃત્ત રાખવું બહેનોને અગવડભર્યું લાગે એ ખૂબ સ્વાભાવિક છે. પણ સાથેસાથે આ કપરા સંજોગોમાં બાળકને મા ની હૂંફ મળે એ પણ એટલું જ અનિવાર્ય છે કારણકે કેટલાક સભ્યોના કહેવા પ્રમાણે બાળકો પણ આ મહામારીથી ખૂબ ડરી ગયેલા છે.

❑

# કોવિડ –૧૯ કોરોના વાયરસ મહામારી દરમિયાન હાથ ધરાયેલ અભ્યાસ

સેવા એ મહામારી ના માર્ચ ૨૦૨૦ થી મે ૨૦૨૦ ના સમયગાળામાં સભ્યોની પરિસ્થિતિ જાણવા જુદા જુદા અભ્યાસો સમયાંતરે કર્યા. જેમાં પ્રથમ લોકડાઉન દરમ્યાન સભ્યોની પરિસ્થિતિ જાણવા માટે ટેક્નોલોજીના માધ્યમથી સભ્યો સુધી પહોંચ્યા. સામાજિક અંતર રાખવામાં આ ટેક્નોલાજીનું માધ્યમ અસંગઠિત કામદાર બહેનો માટે ખૂબ ઉપયોગી રહ્યું.

**સેવા સર્વે - લોકડાઉન -૧**

અચાનક એક મહામારી આવી ને આખા દેશ ને કયારેય ના જોઈ હોય તેવી પરિસ્થિતિ સર્જાઈ, કોણે વિચાર્યું હતું કે આપણે ઘરની બહાર પણ નહી નીકળી શકીએ. શહેર તો બરાબર છે પણ ગામડાઓમાં પણ આજ પરિસ્થિતિ. આજ ‘લોકડાઉન’ કે, જેમાં કોઈ કામ પર ના જઈ શકે અને ઘરની બહાર પણ ના નીકળી શકે અરે, ખેડૂત પોતાના ખેતરે પણ ના જઈ શકે પરતું આ બિમારી થી બચવા રોજગારી નો ભોગ આપવો જ પડયો. પણ એક વિચાર એવો આવે કે, જો આ લોકડાઉન વધુ સમય ચાલે તો કામ, ધંધા, રોજગારી, ભણતર બધું જ બંધ થઇ જાય અને તેમાં પણ ‘સેવા’ સંગઠનના સભ્યો તો શ્રમજીવી અને મોટાભાગ ના રોજ કમાઈ ને રોજ ખાનારા છે તેથી, ‘સેવા’ અનુભવાયું કે, આતો એક મોટો જીવન સંગ્રામ કહેવાય અને આથી જ, સંગઠનના સભ્યો અત્યારે શું શું તકલીફોમાં છે અને કેવી પરિસ્થિતિમાંથી પસાર થઇ રહ્યા છે અને માટે ‘સેવા’એ કેવા કામો કરે જેનાથી સભ્યોને રાહત મળે તેમજ આવી વિકટ પરિસ્થિતિમાં પણ એક સાચી દિશા મળે.

પણ આ પરિસ્થિતિમાં વાહનો પણ ના ચાલે, ઘરેથી બહાર પણ ના નિકળાય, વળી ‘સેવા’ના સભ્યો તો દૂર દૂર ગુજરાતના ગામોમાં વસે છે. તો શું કરવું? પણ આ માટે ‘સેવા’ એ વિચાર્યું કે, બધા સભ્યો પાસે ફોન તો છે જ અને બહેનોના જીવન અને આ પરિસ્થિતિની અસર માટે કોમ્પ્યુટર અને ઈન્ટરનેટની મદદથી ડીજીટલ પ્રશ્નાવલી તૈયાર થઇ. ‘સેવા’નો વડલો ઑનલાઈન સીસ્ટમ કે જે ઓનલાઇન સભ્ય બનાવવા માટેની છે તેમાંથી ૯૦૦ જેટલા બહેનોના ફોન નંબર અલગ તારવ્યા. જીવન સંગ્રામ માટેની ટીમ રચી અને ફોન દ્વારા ડીજીટલ ફોર્મની તાલીમ કરી. આ સર્વે દરમિયાન સભ્ય બહેનોની સાથે વાત કરતા ત્યારે બહેનોની પરિસ્થિતિ જાણતા અને ભાવુક થઇ જતા હતા. સભ્ય બહેનો પણ કહેતાં કે, અમને ખૂબ સારું લાગે છે કે, આ પરિસ્થિતિમાં પણ ‘સેવા’ અમારી સાથે છે. અમારી ખબર પૂછી રહ્યા છે...

‘સેવા’એ પ્રથમ લોકડાઉન દરમિયાન ‘સેવા’ના સભ્યોની પરિસ્થિતિ જાણવા અને તેમાંથી નિકળતાં તારણો ઉપરથી નિતી નિયામક બાબતો ઉપર કામ કરવા માટે તત્કાલ અભ્યાસ કર્યો. તારીખ ૨૦ એપ્રિલના રોજ ગ્રામિણ સેવાના જિલ્લાઓમાંથી ૭૫૦ સભ્યોનો ટેલીફોનીક સર્વે કરવામાં આવ્યો. આ અભ્યાસના તારણો જોઈએ....

- ૩૪% સભ્યો પાસે ૩-૫ દિવસ ચાલે તેટલું જ અનાજ છે.
- ૩૪% સભ્યોની આવક સદન્તરે બંધ થઇ ગઈ છે.
- જ્યારે ૩૩ % સભ્યોની આવકમાં ૫૦% જેટલો ઘટાડો થયો છે.
- ૬૭% ટકા શ્રમિકોના ઘરમાં એક અઠવાડિયાનો ખર્ચ નીકળે તેટલા જ પૈસા બચ્યા હતા.
- ૪૬% સભ્યો એ જણાવ્યું કે, તેઓ લોકડોઉનમાં તેમની બચત તોડી ને ઘરનું ગુજરાન ચલાવી રહ્યા છે.

**‘સેવા’નો લોકડાઉન ૩ અને ૪ દરમ્યાનનો અભ્યાસ**

આ માટે ‘સેવા’એ ગુજરાત અને ઉત્તરપ્રદેશનાં ૫૦૦ સભ્યોનો સર્વે કર્યો.

ગુજરાતમાં આ સર્વેમાં અમદાવાદ શહેરમાંથી ૨૦૦ અને અન્ય જિલ્લા દીઠ ૨૦ -૨૫ ગ્રામીણ બેનો તેમાં, ૪૦૦ બેનો સાથે આ સર્વે ફક્ત ૧૫ દિવસમાં સંપૂર્ણ પૂરો કર્યો.

સર્વેમાં જવાબ આપનાર બેનને તેમનો આ કોરોના મહામારીની પરિસ્થિતિમાં સમય કાઢીને હાલની સ્થિતિ અંગે વાત કરવા માટે, તેમના યોગદાન માટે, રૂ.૨૦૦/-ની રૂડીની કીટ જેમાં ઘઉં, દાળ, ચોખા, મસાલા આપવામાં આવ્યા. જે આ મહામારીમાં સભ્યોના કુટુંબો માટે અગત્યની રહી.

કોવિડ –૧૯ કોરોના વાયરસ મહામારીની સમસ્યાને લીધે સભ્યોની (શ્રમિકોની) રોજગારી બંધ થઈ હતી. ‘સેવા’માં આપણે

માનીએ છીએ કે, ગરીબી એક હિંસા છે. તેથી આવા કપરા સમયમાં બેનો માટે નવી રોજગારીની તકો ઉભી કરી તેમના હાથમાં આવક મળે તે હેતુથી આપણે સર્વે માટે તળપદા સંશોધકો જે સેવાના સભ્યોની જુવાનવહુ-દીકરીઓને સંશોધનની તાલીમ આપી તૈયાર થયેલી ટીમ છે.

આ તળપદા સંશોધકો જ્યાં સર્વે કરવાનો હતો તે વિસ્તારમાંથી હતા. તેથી સ્થાનિક પરિસ્થિતિથી વાકેફ હોય જ અને તેથી તેઓ અસરકારક રીતે માહિતી લાવી શક્યા. વળી પ્રશ્નો પણ બહેનોને સમજાવીને પૂછી શક્યા.

કોઈ પણ કામ માનીએ એટલું સરળ નથી હોતું આ કામમાં પણ અડચણ આવી, આ સર્વે પણ એટલો સરળ નહોતો.

આ ડેટા એકઠો કરવામાં સમય બચે, માનવીય ભૂલો નિવારી શકાય અને શ્રમ પણ ઓછો કરી શકાય તે હેતુથી ઓટોમેટેડ ટેડા ભરવાની જોગવાઈ કરવામાં આવી. આ બધા પાસાને ધ્યાનમાં રાખી સર્વે CTO કલેક્ટ નામની જાણીતી એપ્લીકેશન દ્વારા સર્વે કર્યો.

આ એપ વાપરવામાં તકલીફ બહુ આવી. સર્વે કરતા પહેલાની તૈયારી વખતે આ એપ ડાઉનલોડ કરવાની પ્રક્રિયા ખૂબ ગુંચવણવાળી લાગી કેમ કે, તેમાં દરેક તળપદા સંશોધકનું વ્યકિતગત યુઝર આઈડી અને પાસવર્ડ આપવામાં આવ્યો હતો. અમે આ એપ વાપરવા માટે સેવા દ્વારા ૩ વાર તાલીમ યોજી. આ તાલીમ ઝૂમ દ્વારા કરવામાં આવી. આ માટે પણ ઝૂમમાં જોડવા દરેક તાલીમાંર્થીનો ઈમેલ એડ્રેસ બનાવડાવ્યું, અને વ્યકિતગત ફોન દ્વારા ઝૂમ એપ વાપરવાની સમજ આપી. તમામ બહેનોને ઝૂમ ચાલુ કરતાં શીખવ્યું, પણ જ્યાં ઝૂમ ચાલું ન થાય તો તાલીમ કરનાર બહેનો ફોન કરે અને તે માટે તેમને ફોનથી માર્ગદર્શન આપણે આપ્યું. આવી રીતે ૩૦ તળપદા સંશોધક બહેનોને તૈયાર કર્યા. આમ જોઈએ તો, આ એક બેનનો સર્વે કરતાં ૧૫ મિનીટ થાય પરતું, આ કરવા માટે તળપદા સંશોધકને તાલીમ આપી તૈયાર કરવા આ સેટઅપમાં ૨૦ દિવસ લાગ્યાં.. આ જ તો ખરો પડકાર હતો.

આટલું પુરતું નોહતું, તેથી 'સેવા' એ ૫૦ ટેસ્ટીગ સર્વે કર્યા. સંશોધક બેન આપેલા ફોન પર સર્વે કરે ત્યારે જોયું કે, જવાબ બરાબર આવે છે? વળી, પાયલટ સર્વેમાં દરેક પ્રશ્નના વિકલ્પ શોધી શોધીને આપ્યા. દા.ત. એક પ્રશ્ન હતો કે વિધવા સહાય મળી કે કેમ? ત્યારે સભ્ય બેન જવાબ આપે કે, મને નથી મળી. મારા સાસુને મળી છે. એટલે કે કુટુંબમાં બે વિધવા બેનો હોય તો શું જવાબ લખવાનો? આથી અમે ઉમેર્યુ કે ઘરમાં વિધવા બહેનો કેટલાં? અને કેટલાંને સહાય મળી. આમ પાયલટ કરતી વેળાએ સંશોધકોને મહાવરો થયો અને ફોર્મમાં વિગતો પણ પુરતી મુકવામાં આવી.

**આ સર્વેના તારણો આવ્યા જે નીચે પ્રમાણે છે,**

- ૬૭% કુટુંબોની રોજગારી સદંતર બંધ થઈ ગઈ છે.
- ૪૩% ને તેમના રોજીંદા આહારમાં ઘટાડો કરી એક જ વાર આહાર લઈ શકતા.
- ૭૪% લોકો પાસે ૩ દિવસથી પણ ઓછુ ચાલે એટલું રાશન હતું. એમાંથી ૪૩% એવા કુટુંબો છે જે દિવસમાં એક વાર ભોજન લઈ શકે છે. ૮૦% લોકો પાસે વિજળી બિલ કે ભાડું ચૂકવવાના નાણાં નોહતા. અને ૩૭% લોકોએ ઘર ખર્ચ ચલાવવા માટે ઉછીના નાણાં લેવા પડ્યા.
- સરકારે ઘણી બધી યોજના જાહેર કરી હતી . જેમાં મુખ્યત્વે પી.ડી.એસ. હેઠળ અનાજનું વિતરણ અને સીધા ખાતામાં કેશબેનીફીટ ટ્રાન્સફર વગેરે અંગેના તારણો જોઈએ તો, ૮૫% લોકોને પી.ડી.એસ. દ્વારા અનાજ મળ્યું હતું. પરંતુ માત્ર ૩૪% લોકોને કોઇ પણ પ્રકારની કેશબેનીફીટ ટ્રાન્સફરનો લાભ નો તોં મળ્યો.
- સરકારે જનધન ખાતામાં ૫૦૦ રૂ. કેશ બેનીફીટ જમા કરાવ્યા. જે અસંગઠિત ક્ષેત્રના કામદારના પરિવારની માત્ર એક અઠવાડિયાની આવક જેટલી છે. પરંતુ લોકડાઉન સમયગાળો ૭૪ દિવસનો હતો. તેથી અસંગઠિત ક્ષેત્રના કામદાર તેમનું ગુજરાન કેવી રીતે ચલાવે? આ મુદ્દો સર્વે માંથી બહાર આવ્યો.

આથી જ અમારું કહેવું છે કે, યોજનાઓ સારી છે, પરંતુ બાકાત રહી જતા લાભાર્થીઓને આ યોજનાઓનો લાભ મળે એટલે કે છેવાડાના વ્યક્તિ સુધી યોજના પહોંચે તે માટે યોજનાની સમજ લોકોને મળે, માહિતી મળે તે પણ એટલું જ જરૂરી છે.

સેવા લોકડાઉન ૫ માં અને અનલોક ૧...

સેવા દ્વારા લોકડાઉન ૫ અને અનલોક ૧ માં ગુજરાતના ૬૨૭ બહેનોનો સર્વે હાથ ધરવામાં આવ્યો. આ સર્વે ૪૨૭ ગામડાના અને ૨૦૦ શહેરના સભ્યોનો કર્યો.

જે હવે સર્વે કરવામાં અનુભવી થયેલાં તળપદા સંશોધક ટીમે ફક્ત ૪ દિવસમાં પૂરો કર્યો.

આગળ જણાવું તો અભ્યાસની પ્રક્રિયા પાંચ તબક્કામાં થનાર છે. જેથી સભ્યોની વખતો વખતની સ્થિતિનો તાગ મેળવી બહેનોની રોજગારીનું પુનઃસ્થાપન થયું કે કેમ તેમજ તેમની પરિસ્થિતિ કેવી છે. આ અભ્યાસ તબક્કાવાર કરવાનો હોવાથી તેના તારણો અભ્યાસ પૂર્ણ કર્યા બાદ મેળવી શકાશે.

સેવા – જીવન સંગ્રામ દ્વારા બચત ધિરાણની પરિસ્થિતિનો અભ્યાસ

સેવા પ્રેરિત જિલ્લા મંડળો બચત અને ધિરાણનું કાર્ય ગ્રામ

સ્તરે કરી રહ્યા છે. કોવિડ-૧૯ કોરોના મહામારીને લઈને ઊભી થયેલી પરિસ્થિતિમાં લોકડાઉન દરમિયાન અને લોકડાઉન પછી બચત અને ધિરાણના કામને અને બહેનોની જરૂરીયાતને ધ્યાનમાં રાખી અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે. તેના ઉપર સેવા – જીવન સંગ્રામની ટીમ અને જિલ્લા મંડળોના બહેનો કામ કરી રહ્યા છે.

**ગ્રામ સંગઠન વતી - ભારતી ભાવસાર**

❑

# કોવિડ – ૧૯ કોરોના વાયરસ વૈશ્વિક મહામારી સેવા સંગઠન પ્રતિભાવ અને કામગીરી

આપણે સૌ જાણીએ છીએ કોવિડ-૧૯ કોરોના વાયરસે સમગ્ર દુનિયામાં મહામારી ફેલાવી છે. આ વાયરસના સંક્રમણ થી રોગચાળો ફેલાય છે. તેનો સામનો કરવા ભારત સરકાર દ્વારાઅને રાજ્ય સરકાર દ્વારા લોકડાઉન જાહેર કરવામાં આવ્યું. આ મહામારી રોકવામાં આ ઉપાય કારગર નીવડે તેથી લોકોએ સ્વયંભૂ અને સરકાર દ્વારા તેના ચુસ્ત અમલ થાય તેવી વ્યવસ્થા અમલી બનાવી. સાથે સાથે લોકડાઉન દરમિયાન ઓછી તકલીફોના સામનો કરવો પડે તે હેતુ થી વિશેષ રાહતપેકેજ પણ જહેર કરવામાં આવ્યા. અને તેને યુધ્ધના ધોરણે અમલીકરણ પણ કરવામાં આવ્યુ. આ સમયે સેવા સંગઠન પણ મહામારી થી સચેત અને જાગૃત બને તેમજ મુખ્ય બાબત આપણા શરીરના રોગ સામે રક્ષણ મેળવવાની ક્ષમતા જાળવી રાખે તે હતું.

આ બાબતોને ધ્યાનમાં રાખી લોકડાઉન દરમિયાન તારીખ ૨૩ માર્ચ ૨૦૨૦ થી વર્ચ્યુઅલ મીટીગનો દોર શરુ થયો. આ મીટીગનો હેતુ હતો સંગઠનના સભ્યોનો રોજે રોજ સંપર્ક અને તેમની મુંઝવણ માટે ઉકેલ અને મહામારી અંગે જાગૃતિના કામ હાથ ધરવા અંગે.

પ્રથમ તો સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલા રાહત પેકેજની સભ્યો સુધી જાણકારી પહોંચાડવી. સાથે સાથે કોરોના વાયરસ શું છે તે કેવી રીતે ફેલાય છે તેના માટે શું સાવચેતીના પગલાં લેવા. રોગ પ્રતિકારકતા જાળવવા શું શું આહાર લઈ શકાય તે અંગેની માહિતી દર્શાવતું પોસ્ટર, ઓડિયો, વિડીયો વિગેરે તૈયાર કરી તમામ સભ્યોને ટેકનોલોજીના માધ્યમથી પહોંચાડયા.

પ્રતિદિન મળતી મીટીગમાં સભ્યોમાંથી આવતી માહિતીના આધારે કામની ગોઠવણ શરુ કરી. કોઈ ગામમાં ભૂખ્યા ન રહે. કોઈનો ચૂલો ઠંડો ના હોય તે દિશામાં વિચાર્યું. ઈલાબેને પણ માર્ગ દર્શન આપ્યું. આ મહામારીમાં કોઈને અવગણવામાં ન આવે અને રોગ થાય તેની સામે અણછાજતું ન થાય તે જોવું. વળી, કામ છુટી જવાથી કે તેની ચિંતામાં કોઈપણ પરિવારકે વ્યક્તિ ભૂખ્યું ના રહે તે પણ જોવું.

સેવા દ્વારા વર્ષ ૨૦૦૫થી રૂડીની સ્થાપના કરવામાં આવી છે. જે નાના અને સીમાંત ખેડૂતો જે ઉત્પાદન કરે છે તેનાં બજારમાં સારા ભાવ મળી રહે તે માટે જોડાણ કરવાનું કામ કરી રહી છે. આ મહામારીના સમયમાં ખેડૂતોનાં ઉત્પાદનો ના વેચાણ માટે પાસ મેળવી ને લોકડાઉન સમયમાં અમદાવાદ, સુરેન્દ્રનગર, આણંદ, અરવલ્લી, કચ્છ, પાટણ, ગાંધીનગર, મહેસાણા, છોટાઉદેપુર વિગેરે જિલ્લામાં ઓર્ડર પ્રમાણે ૭૦૪૧ સભ્યોને પહોંચાડવામાં આવી.

સરકાર દ્વારા રાશનની ત્રણ મહિનાની વ્યવસ્થા હતી. પરંતુ, તેમાં ઘઉં, ચોખા, દાળ, ખાંડ વિગેરે ઉપરાંત સભ્યોને મસાલા, તેલ, ચા વિગેરે જેવી અન્ય ખાદ્ય ચીજોની પણ જરૂર હતી. આથી દરેક જિલ્લાઓ એ આ જરૂરિયાતો ધ્યાનમાં રાખી સભ્યોની માંગ પ્રમાણે ખાદ્ય ચીજોની કીટો તૈયાર કરી તેમને પહોંચાડી.

રાશન કાર્ડ દ્વારા મળતી વસ્તુઓ બધાને પહોંચે એ માટે જિલ્લા આગેવાન બહેનોને યોજનાથી નિયમોથી માહિતગાર કરવામાં આવ્યા. જેથી જ્યાં પણ કઈ આ અંગે પ્રશ્નો ઉભા થાય ત્યાં તેના ઉકેલ માટે સ્થાનિક આગેવાનો જે-તે ગામની વ્હારે પહોંચી જતા. જેથી, રાશન કાર્ડ ધારકને રાશન મળે. આ ઉપરાંત, જરૂરિયાતવાળા પરિવાર આમાંથી બાકાત રહી ના જાય તે માટે પંચાયત જોડે સંકલન કરી 'સેવા'ના આગેવાન બહેનોએ આવા પરિવારોને પણ રાશન અપાવ્યું. આ વ્યવસ્થા દરમિયાન સામાજિક અંતર જળવાય તે માટે તાલીમ પામેલા આગેવાન બહેનોએ પંચાયત અને રાશનની દુકાનોની મદદે પહોંચી રાશન લેતી વખતે લાઈનમાં અંતર રાખી લોકો ઊભા રહે તે જોયું.

લોકડાઉન સમય ગાળા દરમિયાન ગામોમાં રસોડા ચલાવવામાં આવતા આ કામ ગામના સરપંચ, નવયુવાન ભાઈઓ સેવા ભાવથી કરતાં તેમાં પણ સંગઠનના બહેનો રસોડામાં નાસ્તા બનાવવાની અને રાંધવાની કામગીરીમાં જોડાયા.

સેવા દ્વારા નિયમિત ગ્રામસંગઠન ટીમની વર્ચ્યુઅલ મિટીગમાં રાહત પેકેજ અંગે માહિતીની આપ-લે કરવામાં આવતી તેના પરિણામે સંગઠનનાં સભ્યોના જનધન ખાતામાં વિધવા સહાય, વૃધ્ધ પેન્શન, ખેડૂત સન્માન નિધિ, ઉજાલા ગેસ અને મળતા રાશનની કામગીરીની માહિતી સભ્યો સુધી પહોંચાડવામાં આવી. આ અંગે સંગઠનના સભ્યો જે ટેક્નોલૉજીના માધ્યમથી કરવામાં આવ્યું. પરિણામ જોઈએ તો, લોકડાઉન દરમિયાન કામમાં આવતી અડચણ માટે સરકારમાં પણ રજૂઆત કરવામાં આવી.

ખેતી પાકોની સીઝનની ચર્ચા ઉપરાંત શાકભાજી, ફૂલ, ફળ ઉગાડતા ખેડૂતની સમસ્યાની પણ વાત આવી. આના પ્રતિભાવ

રૂપે તાત્કાલિક ધોરણે ગાંધીનગર, અમદાવાદના ખેડૂતો એ શાકભાજીની ખરીદી કરી આ શાક અમદાવાદ 'કમલા' ખાતે લાવવામાં આવ્યું. અને અહીંથી સીઝનના આ શાકભાજી જેવા કે, ભીંડા, ગુંદા, રીંગણ, મરચાં, ગવાર, ચોળી, ચોળા, કેરી, ટામેટા, દુધી, બટાકાનું વેચાણ શહેરમાં વિવિધ જગ્યાએ કોરનટાઈન વિસ્તારમાં અને સિનીયર સિટીજનોને વાહન દ્વારા ઘરે પહોંચાડવામાં આવ્યા.

આ કામ દ્વારા મુખ્યત્વે ખેડૂતને ખેતર બેઠા શાક વેચાણના નાણાં મળ્યા. અને લોકડાઉનમાં શાક વેચવા માટે પડતી હાલાકી બંધ થઈ, સમય બચ્યો, શાકભાજીની ગુણવત્તા જળવાઈ રહી અને ગ્રાહક સુધી પહોંચાડી શક્યા. આ કામ ને હજુ વધારે વિસ્તારવા અને માંગ પ્રમાણે ખરીદીની વ્યવસ્થા માટે વિચાર વિમર્શ કરી ગોઠવવામાં આવી રહ્યું છે.

'કમલા' ખાતે આસપાસ રહીશો શાકભાજી લેવા પડાપડી કરતાં ત્યાં પણ સામાજિક અંતર જળવાય તેનો ચુસ્ત બંદોબસ્ત કરવામાં આવ્યો. આમ ઉત્પાદકોથી ગ્રાહક સુધીની સાંકળ કોવિડ–૧૯ ની માર્ગદર્શિકાને અનુલક્ષીને ગોઠવી.

'કમલા' આપણે જાણીએ છીએ તેમ આ સાત્વિક પરંપરાગત નાસ્તા તૈયાર કરતું એકમ છે. 'કમલા' દ્વારા ઘઉં મિશ્રધાન વિગેરેમાંથી બેકરીની વસ્તુઓ નાસ્તા પણ બનાવવામાં આવે છે. આ કામ લોકડાઉનને લઈને બંધ હતું તેને લોકડાઉનના ત્રીજા દિવસે શરૂ કરવામાં આવ્યું. આ બેકરીની વસ્તુઓ ઓર્ડર પ્રમાણે અમદાવાદમાં વિવિધ વિસ્તારોમાં વેચાણ કરવામાં આવ્યું.

રૂડી, શાકભાજી, 'કમલા'ના કામમાં જોડાયેલા સ્થાનિક જિલ્લા ટીમોની તાલીમ એક નિષ્ણાંત ટીમ દ્વારા કરવામાં આવી. આ તાલીમનો હેતુ હતો કોવિડ-૧૯ મહામારી સામે કામ કરવાની પદ્ધતિ સાવચેતી અને સંભાળ રાખવી પડે.

લોકડાઉન દરમિયાન ગ્રામ્ય ક્ષેત્રે ખેતીની ખરી સીઝન હતી. આ ટાણે રોજગારીની મોટી તક અને આશા ખેડૂતોને હોય છે. એવામાં, ગામોમાં પરિવારના સભ્યો અન્ય જગ્યાએ કમાવા ગયા હતા ત્યાંથી વતન પાછા આવ્યા. પરિણામે ઘરમાં બહેનો માટે કામની જવાબદારી વધી. તેમાંય, આ રોગમાં સાવચેતી રૂપે હાથ સાફ કરવા, વારંવાર ધોવા, કપડા સાફ રાખવા અને બહારથી લાવવામાં આવતી તમામ વસ્તુઓ સાફ કરી વાપરવી વિગેરેની તકેદારી જાળવવાનું કામ આવ્યું. વળી બાળકો પણ શૈક્ષણિક સંસ્થાઓ લોકડાઉનના કારણે બંધ હોવાથી ઘરમાં હતા. તેથી આવી પરિસ્થિતિમાં રોજગારીમાં ઓછી તક અને ખર્ચ વધારે તેથી સભ્યો પર તેની અસર જોવા મળી. વળી નાનાં નાનાં ઘરો, વધારે પડતી ગરમી આ બધાની વચ્ચે ખૂબ કાળજી પણ રાખી.

ખેતી પર લોકડાઉનની ખુબ માઠી અસર પડી રહી હતી. આથી મુખ્ય સચિવ તેમજ મુખ્ય મંત્રીને ટેકનોલોજીના માધ્યમથી આવેદન પત્ર પહોંચાડવામાં આવ્યું. આ માટે કોન્ફરન્સ ફોન પણ થયો. પરિણામે, ખેતી લક્ષી પ્રશ્નો જેવા કે ખાતર બિયારણની વ્યવસ્થા તૈયાર પાક વેચાણની ગામ બેઠા અને ગંજબજારમાં ચાલું કરવાની વ્યવસ્થા કપાસ, દિવેલા વિગેરે જેવા રોકડીયા પાકોની ખરીદીની વ્યવસ્થા શરુ કરવામાં આવી. મગફળી, ચણા વિગેરે જેવા પાકો ટેકાના ભાવે સરકાર દ્વારા ખરીદી કરવામાં આવી.

ખરીફ પાક અંગે માર્ગદર્શન મળે કોવિડ-૧૯ ના સંદર્ભમાં વાવેતર થાય અને બજાર સારું મળે તેમજ ખેડૂત પરિવારની સલામતી પોષણ અને આવકની દૃષ્ટિએ વધે તે માટે વર્ચુઅલ કાર્યશાળા યોજી જેમાં ખેતી પાણી ટીમના ૩૨ સભ્યોએ ભાગ લીધો અને ખરીફ પાક માટે ખેડુ સભ્યોએ ભાગ લીધો અને તેમના સુધી માહિતી પહોંચાડવાનું માહિતી માર્ગદર્શન મેળવ્યું.

ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી એ તા. ૫ અપ્રિલ ૨૦૨૦ના રોજ માનનીય ઇલાબેન સાથે વીડિઓ કોન્ફરન્સથી મિટીંગ કરી અને કોવીડ -૧૯ મહામારી સામે જંગ લડવામાં ઇલાબેનના સૂચનો મેળવ્યાં.

જેમાં ખેતી માટે વેચાણ, સ્ટોરેજ વ્યવસ્થા, ધિરાણ માટે છૂટછાટમાં ૩ મહિના કરતાં વધારે છૂટછાટની જરૂરિયાત, શિક્ષણનું કાર્ય ટીવીના માધ્યમથી ચાલું રાખવા અંગે ખાનગી દવાખાનાની ફી અંગે વિગેરે મુદ્દા રહયાં.

**'સેવા'નું ૨૧ મી સદીનું અભિયાન - બહેનો પાણી અને કામ ની ભૂમિકા**

પાણી કોરોના વાયરસથી બચાવ મુખ્ય આધાર છે. 'પાણી છે તો જીવન છે'. માટે જ, મહામારીના સમયે પાણી નિયમિત સાફ સમયસર મળવું જરૂરી છે. સભ્યો પાણીથી વંચિત ના રહે તે માટે સેવા દ્વારા ૨૧ મી સદીનું અભિયાન ''બહેનો-પાણી અને કામ'' અંતર્ગત કુલ ૧૫૦૦ હેન્ડપમ્પ મિકેનિક બહેનોને તાલીમ દ્વારા તૈયાર કરવામાં આવ્યા છે. છેલ્લા બાવીસ વર્ષથી ગુજરાત પાણી પુરવઠા બોર્ડના નાણાંકીય અને ટેકનીકલ મદદથી કામ કરી રહ્યા છીએ.

તેમનું કામ ચાલુ રહે માટે પાણી પુરવઠા બોર્ડમાં સંકલન કરી આ કામ 'આવશ્યક સેવા' તરીકે મિકેનિક બહેનો ચાલું રાખી શકે તે માટે મંજુરી તેમજ પાસની માંગણી કરી આથી, પાણી પુરવઠાબોર્ડ દ્વારા જિલ્લા કક્ષા એ કલેકટરની પરવાનગી મળી. પરિણામે, કામ ચાલું રહયું. આ કામ સામાજિક અંતર જાળવીને કરવા માટેની માહિતી પોસ્ટરથી તેમજ હેન્ડપમ્પ રીપેરીગના કામમાં જોડાયેલ તમામ બહેનોને ઓનલાઈન તાલીમ આપવામાં આવી. અનુરૂપ કોવિડ ૧૯ માટે ઘરમાં અને કામ કરતી વખતે રાખવાની કાળજી માટે રોગ પ્રતિકારક શક્તિ ટકી રહે તે માટે યોગ્ય પોષક

આહાર કેવો લેવો, વળી વારંવાર હાથ શા માટે ધોવા, શાનાથી ધોવા, માસ્ક કેમ પહેરવું જરૂરી છે તેની સફાઈ અને નિકાલ બાબતે પણ તાલીમ આપવામાં આવી.

આ તાલીમથી બહેનોને કોવિડ –૧૯ વિષે વધુ માહિતી જાણવા મળી. આ મહામારીમાં રોગ પ્રતિકારક શક્તિ વધારવા શું શું આરોગી શકે તે અંગેની અસમજણ હતી તે દૂર થઈ. જેમ કે, છાસ ન પીવાય.... આ જાણકારી વધુ મળવાથી કામના સમયે ગામમાં કેટલાક લોકો દલીલ કરે કે, આવામાં કેમ કામ કરો છો? ત્યારે મિકેનિક બહેનો તેનો શું પ્રતિભાવ આપવો તે પણ ખાસ તેઓ સમજ્યા. આ મહામારીમાં ડરવાની જરૂર નથી પણ, કાળજી સામજિક અંતર દ્વારા આ મહામારીને ફેલાતી જરૂર અટકાવી શકાય છે. તે વાત મિકેનિક બહેનોમાં જરૂર દઢ થઈ.

આ તાલીમમાં સરકારી અધિકારી પણ આમા જોડાયા જેથી કામમાં વધુ સહકાર અને માર્ગદર્શન મળી શકે. બહેનો પણ આત્મવિશ્વાસથી ડર રાખ્યા વગર રોજે રોજ આ ઉનાળાની કાળઝાળ ગરમી વચ્ચે પણ કામ કર્યું છે. અને આ લખાય છે ત્યાં સુધીમાં અરવલ્લી જીલ્લામાં ૧૫૦ હેન્ડપમ્પ, આણંદમાં ૧૯૮ હેન્ડપમ્પ રીપેર કર્યા. આણંદમાં કેટલાંક ગામમાં કોરનટાઈન કર્યા હોવાથી બહેનો ગામ બહાર નીકળી શકતા નથી. છતાં પણ ૩ અલગ-અલગ તાલુકામાં બહેનો એ કામ ચાલું રાખ્યું.

કોવિડ –૧૯ મહામારીના સમયે ભારત સરકારે મનરેગાના કામો ચાલુ કર્યા.

આ માહિતીના આધારે ગામોમાં આપણે સરપંચ જોડે સંકલન કર્યું અને પરિણામે, સુરેન્દ્રનગર જીલ્લામાં નવા કુડા ગામમાં પાણી સંગ્રહના કામ માટે તળાવ ઊંડું કરવાનું કામ શરુ કરવામાં આવ્યું. મનરેગા હેઠળ આ કામમાં કુલ ૧૧૦ જોબકાર્ડ ધારક સભ્યોને કામ મળ્યું.

ખાસ વ્યકિતગત અને સામુહિક કામો મનરેગામાં કરી શકાય તેવી માર્ગદર્શિકા હોવાથી આપણે પાણી સંગ્રહ સિંચાઈ લક્ષી કામો ક્યાં ક્યાં હાથ ધરવામાં આવે તે માટે પત્રિકા તૈયાર કરી સભ્યો સુધી પહોંચાડી.

કોવિડ-૧૯ મહામારીમાં ટેકનોલોજી આશિર્વાદ રૂપ બની. 'સેવા' સંગઠનમાં ટેકનોલૉજીનો ઉપયોગ સભ્યો બનાવવા તેમજ સભ્યપદ રીન્યુ કરવામાં થાય છે. આ ડેટાબેઝના આધારે મહામારીમાં લોકડાઉન દરમિયાન સભ્યોનો સંપર્ક સારી રીતે કરી શક્યા. ટેકનોલૉજીના સહારે ગુગલમીટ, ઝૂમ, વેબકેમ દ્વારા રોજે રોજ મિટીગ, વેબિનાર તાલીમો વિગેરે કરવાનું સરળ બન્યું. રોજ વિવિધ ૧૫ ગ્રુપો દ્વારા આ કામ થઈ રહ્યું છે. સભ્ય સાથે સંકલન જોડાણ માટે ૧૫૦૦ થી ૨૦૦૦ની ટીમ ટેક્નોલૉજીના ઉપયોગથી કામ કરે છે. ફોન અને તેના દ્વારા વોટ્સઅપ, વોટ્સઅપ કોલિંગ, કોન્ફરન્સ કોલ વિગેરેનો ઉપયોગ સામાન્યદિવસો કરતાં વધ્યો. ફિલ્ડ ટીમ આગેવાન, ઉપરાંત સભ્યો સુધી આ ટેકનોલોજી વપરાવા લાગી. 'સેવા'નાં બહેનો બચત ધિરાણમાં 'એમ બચત' એપનો ઉપયોગ 'રૂડી'ના કામમાં 'રૂડી' સંદેશા વ્યવહાર એપનો ઉપયોગ પણ કરતા થયા.

લોકડાઉન દરમિયાનમાં પણ 'સેવા'નાં આગેવાનોએ સંગઠનનું ૧,૯૪,૫૯૬ સભ્યોનું સભ્ય પદ રીન્યુ કર્યું છે.

ઈન્ટરનેટ કનેક્શનમાં પ્રશ્નો આવ્યાં, વળી ગામમાં કરફ્યુનો કડક અમલ હોય ટૂંકાગાળામાં જ દિવસ દરમિયાન કામ કરવાનું હોવા છતાં સંગઠનનું કામ એપ્રિલ ૨૦૨૦ના આયોજન પ્રમાણે અરવલ્લી, કચ્છ, ગાંધીનગર, મહેસાણા, છોટાઉદેપુરમાં ૧૦૦% સભ્યો બનાવાનું લક્ષ્યાંક પુરેપુરુ કરી શક્યા છે. જ્યારે સુરેન્દ્રનગર, પાટણ અને આણંદે ૭૫% સુધી સભ્ય સંખ્યાનું કામ એપ્રિલ ૨૦૨૦ દરમિયાન કર્યું છે.

**સમયનું સન્માન :** બાળ પ્રવૃતિ દ્વારા સેવાના સભ્યોના પરિવારના બાળકો લોકડાઉન દરમિયાન ઘરમાં રહી સર્જનાત્મક કામો કરી શકે નવું નવું ભણે શીખે વિવિધ કલાઓ વિકસાવે તે હેતુથી તેમજ તેમનો માનસિક વિકાસ થાય, મહામારી વિષે સમજે ઘરમાં પણ બાળહઠ છોડી માતા પિતાને તેમના કામમાં ઉપયોગી બને અને સર્જનાત્મક કામમાં જોડાયેલા રહે તેવા હેતુથી આ પ્રવૃત્તિ આરંભી છે. આમ કુલ મળીને ૨૦,૦૦૦ જેટલા બાળકોને ગુજરાત, રાજસ્થાન, યુ.પી., બિહાર, કાશ્મીર અને મહારાષ્ટ્રમાં જ્ઞાન સાથે ગમ્મત મળે છે. પ્રતિ સપ્તાહ વિવિધ વિષય પર કામ કરી બાળકો તેમનો પ્રતિભાવ આપે છે. હાલ સુધીમાં ૪૦૦૦ વિડીયો બાળકોએ વિવિધ વિષય પર તૈયાર કર્યા. આ ઉપરાંત તેઓએ બિરબલ વિષે જાણ્યું, પાઈલટ વિષે જાણ્યું, સ્થાનિક ઘરમાં બનતી પરંપરાગત વાનગી વિષે જાણ્યું અને બનાવી તેની રીત પણ આ ગ્રુપમાં મોકલી. આ પ્રવૃત્તિમાં પણ ટેકનોલોજીનો ભારે ઉપયોગ સમગ્ર ટીમ કરી રહી છે.

**રચનાત્મક કામો :** લોકડાઉન દરમિયાન બહેનોએ ઘરમાં રહીને કોવિડ-૧૯થી બચવા અગત્યનાં એવાં માસ્ક તૈયાર કર્યા. આ માસ્ક જાતે ડિઝાઇન કર્યા. જેમાં, સિંગલ લેયર, ડબલ લેયર, ભરત ભરેલા, સુતરાઉ કાપડના રંગબેરંગી અને ગાઈડલાઈનને ધ્યાનમાં રાખીને બનાવ્યા. આ કામ દરમિયાન બહેનોને પંચાયત, જિલ્લા કલેકટર અને અન્ય સંસ્થાઓનાં ઓર્ડર મળ્યાં. આ માસ્ક તૈયાર કરવાની સાથે બહેનો એ પોતે જ ઘરમાં હતા તે કાપડનો ઉપયોગ કરી પરિવાર માટે પણ માસ્ક બનાવ્યા. ઉપરાંત, અડોસ-પડોસમાં અને ગામમાં મફત વિતરણ કર્યું. અને તે પહેરવાની સમજ પણ આપી.

આ કામથી માનસિક તાણ ઘટી અને નવું કામ કરવાની તક મળતાં ઘરમાં આવક પણ આવી. આ કામની નોંધ વિવિધ સમાચારના માધ્યમો એ પણ લીધી. આ ઉપરાંત જીલ્લામાં બહેનોએ

'ANASOOYA' R.N.I. No. 54903/82 Permitted to post at Ahmedabad P.S.O. On
F/N Basis publisher Date on the 6th & 22nd every month under Postal Regd. No. GAMC-581/2018-20
Issued by S.S.P. Valid up to 31-12-2020.

Ahmedabad P.S.O.
22-6-2020

બટાકાની, સાબુદાણાની ચકરી, વેફર, ચોખાના સરેવડા, ઘઉની સેવ, આંબળા કેન્ડી, ચીકુ પાવડર, શાકભાજીની સુકવણી, કેરીના આંબોળિયા, વન પેદાશની વીણી વિગેરે જેવા કામો દ્વારા પણ ઘરમાં આવક મેળવવાનું કામ કર્યુ.

**મીઠાં કામદાર :** બહેનોને ખરું ટાણું હતું મીઠું ભરી વેપારીને વેચવાનું આ કામ માટે પણ સમય અગત્યનો હતો. લોકડાઉન લંબાય અને પરવાનગી ન મળે તો મીઠું સાચવવું અઘરું પડે આ માટે ઉદ્યોગ મંત્રીને વોટ્સઅપ અને ઈ-મેલથી આવેદન પત્ર આપ્યું. જેના પરિણામે, મીઠા કામના ટ્રાન્સપોર્ટ માટે મંજુરી મળી. અને આ મીઠા ઉપાડવા જરૂરી સાધનોની મરમ્મત માટે કલેકટર પાટણ ને જણાવતાં લુહારના સાધન ઓજાર રીપેરીંગની દુકાન ચાલુ રાખવા મંજુરી મળી.

પરિણામે, મીઠાંનાં ટ્રાન્સપોર્ટનું કામ સમયસર શરું કરી શકયાં. મીઠાં કામદારોને રાશન મળી રહે તે હેતુથી સરકારમાં યાદી મોકલી રજૂઆત કરતાં, આવા ૩૨૦ મીઠાં કામદાર સભ્યોને મીઠાંના અગરમાં રાશન મળી શક્યું. ❑

## આટલું તો કરો જ....

**નાક : ગરમ પાણીનો નાસ**
**ગળું: હળદર મીઠાનાં કોગળા**
**છાતી, ફેફસાં: પ્રાણાયામ/સંગીત**
**ખોરાક: માત્ર પોષક અને નિયમિત, ગરમ વાનગીઓ**
**લોહી ભ્રમણ: અંગ કસરત**
**માનસિક શાંતિ: પ્રભુ પ્રાર્થના**
**પોસાય તો લીંબુનું શરબત : સવાર સાંજ**

**Place to Send Subscription :**

**Shree Mahila SEWA Anasooya Trust**

SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001 (Phone : 255 06 444, 255 06 477)
Please Visit our website : www.anasooya.org Email : mail@anasooya.org, mahilasewatrust@vsnl.net

Printed and Published by NAMRATA BALI on behalf of Shree Mahila SEWA Anasooya Trust and Printed at Printwell, Celler, Deep Appartments, Shahpur Bahai Centre, Ahemedabad - 380 001 and Published from SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001. Editor - NAMRATA BALI

**અનસૂયા** 22-6-2020

સેવા રિસેપ્શન સેન્ટર
ટિળક બાગ સામે, ભદ્ર,
અમદાવાદ - 380 001